મકાનોમાં થતા ખોટા ખર્ચાઓનો નમૂનો સેકટર-૨ ઉમાં જ છે. કેટલાય વર્ષોથી અર્ધનિર્માણ હાલતમાં આ મકાનો વિશે શો નિર્ણય લેવાયો છે કોઈને ખબર નથી. બાંધકામમાં વાપરવામાં આવતી સિમેન્ટની થેલીઓ પણ પથ્થર થઈ બગડી ત્યાં સુધી તો ઠીક હજુ પણ ત્યાં ને ત્યાં કોઈનાં કામમાં ન આવે તેમ પડી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

અલાહાબાદ બેંકની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે સેકટર-૨૧ બ્રાન્ચ દ્વારા પદયાત્રા યોજવામાં આવી હતી. જેમાં શાકમાર્કેટ, ડિસ્ટ્રીકટ શોપીંગ સહિતના વિસ્તારમાં પદયાત્રાએ ભ્રમણ કર્યું હતું. બેંકે પદયાત્રા કરી જનધન યોજના સહિતની માહિતી નાગરિકો સમક્ષ પહોંચાડી હતી.

નિવૃત્ત કર્મચારી મહામંડળે મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત લીધી

ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા મુખ્યમંત્રી આનંદીબેન પટેલની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. તેમજ મંડળના વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી. મંડળના મણીભાઈ સુથાર, કે.બી. વ્યાસ, કાળીદાસ પટેલ, ડાહ્યાભાઈ રાવળ, નાથાભાઈ ડાભીએ પેન્શનરોના આરોગ્યને લગતા પ્રશ્નોની રજુઆત મુખ્યમંત્રી સમક્ષ કરી હતી.

જિલ્લામાં ત્રણ સ્થળોએથી દારૂ પકડાયો

ચિલોડા સર્કલ, ગીફટ સીટી રોડ અને સે-૨૬માંથી ૫૩હજારનો માલ જપ્ત : ચારની ધરપકડ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ તથા શહેરને અડીને આવેલ ચિલોડા સર્કલ પરથી અને ગીફટ સીટી રોડ પર મળીને ત્રણ અલગ અલગ સ્થળોએથી સ્થાનિક પોલીસ દ્વારા દારૂ-બિયર સાથે ચાર શખ્સોને પકડી પાડી રૂ. ૫૩ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે જયારે એક આરોપી હજુ ફરાર છે.

મળતી માહિતી મુજબ સેકટર-૨૧ પોલીસે બાતમીને આધારે સે-૨૬ ગ્રીનસીટીમાંથી એક સ્કુટી નં. જીજે ૧૮ સી.જી. ૫૭૧ ઉમાંથી દારૂ-બિયર પકડયો હતો. સ્કુટીમાંથી ૧૪ બોટલ વિદેશી દારૂ અને ૧૫ નંગ બિયરના ટીમ મળી રૂ. ૮,૩૦૦નો દારૂ બિયર તથા વાહન મળીને રૂ ૪૮,૩૦૦નો માલ જપ્ત કરી એક શખ્સ જયરામ નાગજી દેસાઈની ધરપકડ કરી લીધી છે જયારે ગ્રીનસીટી સે-૨૬માં જ રહેતો બીજો આરોપી સુરેશ છગન જયસ્વાલ હજુ ફરાર છે તો બીજી તરફ ચિલોડા સર્કલેથી બપોરે પોલીસે બાતમીને આધારે ૧૦ બોટલ વિદેશી દારુ લઈને જતા ઉદેપુરના શખ્સ બંસી નેમાજી ખરાડીની ધરપકડ કરી રૂ. ૪ હજારનો દારુ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તે ઉપરાંત ડભોડા પોલીસે ગીફટ સીટી રોડ પરથી થેલીમાં દારુની રમની બોટલ લઈને જતાં બે શખ્સો લવારપુરના કિરીટ અમૃત શાહ અને રતનપુરના ભગા મંગાજી ઠાકોરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્રણ અલગ અલગ સ્થળોએ દરોડા પાડીને પોલીસે દારુ-બિયરનો જથ્થો જપ્ત કર્યો છે.

લાયસન્સ વગર ચાલતી વધુ ૬ હોટલ અને સીસી ટીવી કેમેરાના કેસ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર એસઓજીની ટીમે વધુ ૨ સીસીટીવી કેમેરા ન લગાડવા બદલ દુકાનદારો સામે કેસ કર્યો છે. કુડાસણ પ્રમુખ આર્કેડમાં અને કોબા સર્કલ નજીક શામીયાણા રેસ્ટોરન્ટમાં કેમેરા ન લગાડવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે તે ઉપરાંત લાયસન્સ વગર ચાલતી કુડાસણ પ્રમુખ આર્કેડની દુકાન નં. ૬, જેવીએસ ફાસ્ટફુડ, ફુલ પોઈન્ટ કાફે રેસ્ટોરન્ટ તથા રેઈન ફોરેસ્ટ-૧ માં આવેલી મોમ્સ કિચન રેસ્ટોરન્ટ, ઈટરાઈટ ફાસ્ટફુડ હોટલ અને શ્યામશુકન એપાર્ટમેન્ટ નીચે સ્થિત પુરોહીત ફાસ્ટફૂડ હોટલ મળીને ૬ હોટલમાલીકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ભારતીય જનતા પાર્ટીને દેશની સૌથી મોટી પાર્ટી બનાવવા માટે સદસ્ય નોંધણી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ચિલોડા મોટા ખાતે અશોક પટેલ ધારાસભ્ય (ઉ) હિના પટેલ-પ્રમુખ જિ.પં. ગાંધીનગર, તાલુકા પંચાયત પ્રમુખ કાળુસિંહ રાઠોડ, જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેષ શાહની ઉપસ્થિતિમાં સદસ્યતા કાર્યશાળા યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એક બુથ સો સભ્યો, માટે કાર્યકરોને આહવાન કરવામાં આવ્યું હતું.

નગરના રેલવે સ્ટેશનમાં ઘડિયાળની સુવિધા ઉભી કરાઈ

મહાત્મા મંદિર કયાં છે તે માટે પચાસ કિલોમીટર દૂર બોર્ડ લગાવ્યા પરંતુ રેલવે સ્ટેશન કયાં છે તે માટે તંત્રને થાક લાગે છે : વસાહત મંડળના અથાગ પ્રયત્નો છતાં પરિણામ શૂન્ય

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર રેલવે સ્ટેશને વારંવારની રજુઆતન અંતે મુસાફરો માટે મહદ અંશે સુવિધા ઉભી કરવામાં આવી છે. તંત્ર એ મુસાફરોની સગવડતા માટે કોચ ઈન્ડીકેટર અને ઘડીયાળની સગવડ કરી આપી છે. પરંતુ રેલવે સ્ટેશન કયાં છે? તે દર્શાવતા બોર્ડ લગાવવામાં આવ્યા નથી.

ગાંધીનગર શહેર વસાહત મંડળ શહેરના નાગરિકોને રેલવેની સુવિધા-સુવિધાપૂર્ણ મળી રહે તે માટે અથાગ પ્રયત્નો કરી રહ્યું છે. મંડળના પ્રમુખ અરુણ બુચે જણાવ્યું છે કે રેલવે સ્ટેશને મુસાફરો માટે કોચ ઈન્ડીકેટર અને સમય જોવા માટે ઘડિયાળની સુવિધા કરી આપી છે જેથી મુસાફરોને કેટલા વાગ્યા છે તેનો તો ખ્યાલ આવશે.

પરંતુ શહેરમાં રેલવે સ્ટેશન કયાં આવેલું છે તે દર્શાવતા બોર્ડ લાગ્યા નથી. જેના કારણે મુસાફરો ભુલભુલામણીની જેમ ભટકયા કરે છે. મહાત્મા મંદિર કયાં આવેલું છે તેના બોર્ડ ૫૦ કિલોમીટર દૂર લગાવવામાં આવ્યા છે પરંતુ નગરના સેકટરોમાં કે 'ખ' રોડ પર રેલવે સ્ટેશનના બોર્ડ દેખાતા નથી.

તેમજ ગોકુલપુરાથી આવતા ઢોરો રેલવેના પાટા ઉપર આવી ન જાય તે માટે રેલવેની હદ સુધી કંપાઉન્ડ વોલ કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે રેલવેનો અકસ્માત ખુબ જ ભયંકર હોય છે. ત્યારે જો કોઈ પશુના કારણે અકસ્માત સર્જાશે તો તંત્રને મોટું નુકશાન વેઠવું પડશે. મુસાફરોને સ્ટેશન સધી પહોંચવા માટે બસની વ્યવસ્થા નથી ત્યારે ટ્રેનના સમય સાથે તાલ થી તાલ મિલાવી બસ શરુ કરવામાં આવે તો નાગરિકોના ખાલી થતા ખિસ્સા ભરાઈ રહેશે.

હરિનગર વસાહત મંડળે આભાર વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૭

હરિનગર વસાહત મંડળની બિસ્માર અને નિર્જન રસ્તાઓ પર પ્રકાશ પાથરવા માટેની માંગણી સંતોષાતા મંડળે ધારાસભ્ય, અશોકભાઈ, મેયર મહેન્દ્રસિંહ, કોર્પોરેટર રાકેશ પટેલ, રાજયના મુખ્યમંત્રી આનંદીબેન અને પાટનગર યોજના વર્તુળના અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો છે. મંડળના પ્રમુખ કચરાજી ગોલે 'ખ' રોડથી નાના-ફાટક સુધીનો રસ્તો બિસ્માર અને અંધકારમય રહે છે ત્યારે આ વિસ્તારમાં રહીશોને આવન-જાવન અને રાત્રીના સમયે નિકળવુ કઠીન ભર્યુ લાગી રહ્યું છે. તે માટે વિવિધ રજુઆતો કરવામાં આવી હતી. જેનું કામ શરૂ થતા ઉપરોક્ત તમામ અધિકારીઓ અને પદાધિકારીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

ઓવરટેક વખતે સામેથી આવતાં ટ્રકમાં બાઈક ઘુસી જતાં યુવાનનું મોત

દાણીલીમડાનાં યુવાનને નેશનલ હાઈવે નં. ૮ પર લીંબડીયા પાસે અકસ્માત નડયો

ગાંધીનગર, તા.૨૭

અમદાવાદનાં દાણી લીમડા વિસ્તારમાં રહેતા યુવાન પલ્સર બાઈક લઈને નેશનલ હાઈવે નં ૮ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે લીંબડીયા નજીક વાહનની ઓવરટેક કરવા જતાં સામેથી આવતી ટ્રક સાથે ભીડાઈજતાં બાઈક ચાલક યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસે આ ગુનો દાખલ કરીને ટ્રક કબ્જે લઈ ફરાર આરોપી ડ્રાઈવરને પકડવા તજવીજ શરુ કરી છે.

મળતી વિગતો મુજબ અમદાવાદના દાણી લીમડા વિસ્તારમાં રહેતો ૨૪ વર્ષીય યુવાન અલ્તાફ તેનું પલ્સર બાઈક લઈને નેશનલ હાઈવે નં. ૮ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે પંચેશ્વર મહાદેવ સામે લીંબડીયા ગામની સીમ પાસે પલ્સર બાઈકથી આગળ જતાં વાહનની ઓવરટેક કરવા ગયો અને સામેથી ધસમસતી આવતી ટ્રકની વચ્ચોવચ ઘુસી ગયો હતો. ટ્રક સાથે ધડાકાભેર પલ્સર ટકરાતા યુવાન અલ્તાફનું બનાવ સ્થળે જ કરુણ મૃત્યુ નિપજયું હતું. ઘટના બાદ ટ્રક મુકીને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. ડભોડા પોલીસે ટ્રક કબ્જે લઈને ફરાર થઈ ગયેલા ડ્રાઈવરની શોધખોળ શરુ કરી છે અને બીજી તરફ મૃતક યુવાનનો મૃતદેહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ યાને પોસ્ટમોર્ટમ કરાવી પરિવારજનોને સોંપ્યો છે.

અમદાવાદમાં 'નેશનલ હેન્ડલુમ એક્ષ્પો-૨૦૧૪'નું આયોજન

ભારતના ૧૩ રાજયોના વણકરોએ હાથશાળની વિવિધ કલાકૃતિઓનો ભવ્ય ભાતીગળ વારસો રજુ કર્યો છે

ગાંધીનગર, તા.૨૭

ભારતભરના હાથશાળની વિવિધ કલાકૃતિઓનો ભવ્ય ભાતીગળ વારસો રજુ કરતું પ્રદર્શન સહ વેચાણ 'નેશનલ હેન્ડલુમ એક્ષ્પો ૨૦૧૪' અમદાવાદ ખાતે યોજાઈ રહ્યો છે.

ભારત સરકારના કાપડ મંત્રાલયના હાથશાળ વિકાસ આયુકતના સહયોગથી ઈન્ડેક્ષ-સી દ્વારા તા. ૨૧મી નવેમ્બરથી તા. ૭મી ડિસેમ્બર ૨૦૧૪ દરમિયાન નેશનલ હેન્ડલુમ એક્ષ્પોનું ઈ.એસ. ગ્રાઉન્ડ, ટીવી ટાવર પાછળ, બોડક દેવ અમદાવાદ ખાતે આયોજન કરાયું છે. નેશનલ હેન્ડલુમ એક્ષ્પોનો મુખ્ય હેતુ હાથશાળના વણકરોને આર્થિક અને સામાજિક રીતે આગળ લાવવાનો, હાથશાળના ઉત્પાદનો માટે મજબુત માર્કેટ ઉભું કરવાનો તેમજ ગ્રાહકો અને વણકરોને સીધી બજાર વ્યવસ્થાની સુવિધા માટે એક જ પ્લેટફોર્મ ઉપર લાવવાનો છે. આ એક્ષ્પોમાં ભારતભરની પ્રખ્યાત હાથશાળની ચીજવસ્તુઓના વેચાણ માટે ગુજરાત, ઉ.પ્ર., હરિયાણા, જમ્મુ કાશમીર, મધ્યપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, દિલ્હી, ઓરિસ્સા વગેરે ૧૩ રાજયના કુલ ૯૬ હેન્ડલુમ એમ્પોરીયમ, એપેક્ષ સોસાયટી, પ્રાયમરી સોસાયટીઓ તેમજ તેમના ખ્યાતનામ વણકરો ભાગ લઈ રહ્યા છે.

આ એક્ષ્પોમાં ગુજરાતની પ્રખ્યાત સિંગલ ઈકત પટોળા સાડી, શાલ, મશરૂ, સુજની, ટાંગલીયા, જમ્મુ કાશમીરની પશમીના શાલ, બિહાર ભાગલપુરનું સિલ્ક ડ્રેસ મટીરીયલ્સ, પશ્ચિમ બંગાળની બાલુચરી સાડી, રાજસ્થાનની કોટા ડોરીયા સાડી, જયપુરી રજાઈ, ઉત્તર પ્રદેશની બનારસી સાડી, આંધ્રપ્રદેશની પોચમપલ્લી સાડી, છત્તીસગઢ તથા ઝારખંડની કોષા સિલ્ક સાડી, ઓરીસ્સાની ટાઈ એન્ડ ડાઈ સાડી, મધ્યપ્રદેશની ચંદેરી સાડી ઉપરાંત હરિયાણાની ઘરસજાવટની વિવિધ આઈટમો જેવી કે બેડસીટસ, બેડકવર, ડ્રેસ મટીરીયલ, કોટન સાડીઓ, પડદાનું કાપડ, ફર્નિસીંગ કલોથ, કુશનકવર, શેતરંજી તથા ભારતભરની આવી અનેક કલાકૃતિઓ એકજ સ્થળેથી અમદાવાદના શહેરીજનો ખરીદી શકશે.

ભારત સરકારના વણકર સેવા કેન્દ્ર, અમદાવાદ દ્વારા થીમ પેવેલીયન પ્રદર્શિત કરવામાં આવનાર છે. જેમાં ભરુચની સુજની તથા જેકાડ વણાટકામનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવેલ છે. જે ઉપરાંત ગુજરાતની પ્રખ્યાત હાથવણાટ કલાઓ જેવી કે સુરેન્દ્રનગરનું ટાંગલીયા વણાટ તથા રાજકોટનું સીંગલ ઈકત સિલ્ક સાડી વણાટ તથા કચ્છનું મશરૂ વણાટ કાર્યનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવેલ છે જેને ખાસ નિહાળવા માટે મુલાકાતીઓનું ખાસ ધ્યાન કેન્દ્રીત થાય છે.

આ નેશનલ હેન્ડલુમ એક્ષ્પોમાં પરંપરાગત વસ્ત્રોનું પ્રદર્શન નિહાળવા અને વધુમાં ખરીદી માટે આવનાર શહેરીજનોને શુદ્ધ અને સાત્વિક અલ્પાહાર તથા ભોજન મળી રહે તે માટે ફુડ કોર્ટ ઉભી કરવામાં આવેલ છે તથા બાળકો માટે બાળ મનોરંજન નગરીનું પણ આયોજન કરવામાં આવેલ છે. દરરોજ નાના મોટા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

વિધાનસભા ખાતે પોડિયમમાં મુકાયેલ લોકસભાના પ્રથમ અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકરના તૈલચિત્રને તેમની ૧૨૭મી જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગરના ધારાસભ્યો સર્વશ્રી અશોકભાઈ પટેલે અને શંભુજી ઠાકોરે ભાવસભર પુષ્પાંજલિ અર્પી હતી.

માવળંકર દાદાના હેતાળ નામથી લોકહૃદયમાં પ્રતિષ્ઠિત બનેલા શ્રી ગણેશ

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૩
સૂર્યાસ્ત : ૫.૫૨

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૨ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

હેપ્પી એન્ડીંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ધ એક્વાલાઈઝર : ૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૦૦

કિલ/દિલ : ૧૨.૪૫, ૩.૩૦

જ્ઞાના કીરુક્કમ (તમીલ) : ૭.૦૦

રંગ રસીયા : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

કીલ/દિલ : ૧૦.૦૦

હેપ્પી એન્ડીંગ : ૨.૦૦, ૫.૦૦, ૭.૪૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :

ટીક્કો એમ.બી.એ. : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

કિલ/દીલ : ૪.૧૫

સ્ક્રીન-૩ :

મની બેક ગેરન્ટી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦

કિલ/દીલ : ૧. ૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

વૃષભ : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

મિથુન : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

કર્ક : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

કન્યા : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

તુલા : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

વૃશ્ચિક : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

ધન : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

મકર : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

કુંભ : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારુંવાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

ચિરવિદાય

● સ્વ. સોલંકી પ્રવિણભાઈ ચુનીલાલ (ઉ.વ.૫૦) ૬૦૬/૨, સેક્ટર-૬બી, ગાંધીનગર